# જાહેરાત (રિવાઈઝડ)

આથી નીચે જણાવેલ વિગતે દર્શાવેલ કામગીરી કરવાની આ કચેરીને જરૂરીયાત હોય રસ ધરાવતા સંબંધિત ઈસમો/પાર્ટીઓ/ઈજારદાર ભાઈઓને જાણ કરવામાં આવે છે કે, જેની જાહેર હરરાજી નીચેની વિગતે રાખવામાં આવેલ છે. તો રસ ધરાવતા તમામ ઈસમો/ પાર્ટીઓ/ઈજારદાર ભાઈઓએ હરરાજીમાં ભાગ લેવા માટે બંધ કવરમાં ભાવ ભરી તા. ૨૨/૦૯/૨૦૨૬ સુધીમાં પોસ્ટ/કુરિયરથી પ્રાધ્યાપક અને વડા, જમીન અને જળ સંરક્ષણ ઈજનેરી વિભાગ, કૃષિ ઈજનેરી અને ટેક કોલેજ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ સરનામે મળી જાય તે રીતે પહોંચતા કરવાના રહેશે.

**હરરાજીનું સ્થળ : સેમીનાર હોલ, એસ.ડબ્લ્યુ.સી.ઈ., કૃઈટેકો, જૂ.કૃ.યુ., જૂનાગઢ**
**હરરાજીની તારીખ : ૨૪/૦૯/૨૦૨૬ સમય : સવારે ૧૦ : ૦૦ કલાકે**

<u>નોંધ: ભાવ ભરવાનું પત્રક અત્રેની કચેરી ખાતેથી રૂબરૂ લેવાનું રહેશે.</u>

૧) હરરાજીમાં ભાગ લેવા માટે હરરાજી શરુ થતા પહેલા રૂ.૨૦૦૦/- ડીપોઝીટ પેટે કચેરીમાં સ્થળ પર જમા કરાવવાના રહેશે. જે રકમ ઈજારો રાખનાર ઈસમોની ડીપોઝીટમાં મજરે અને બાકીના ઇસમોને હરરાજી પૂર્ણ થતા પરત કરવામાં આવશે.
૨) જેની માંગણી મંજુર થશે તેણે હરરાજીની માગણીની કુલ રકમનાં ૧૦% ડીપોઝીટ તરીકે સ્થળ પર તરત જ જમા કરાવવાની રહેશે.
૩) સીતાફળીનો ફાલ કચેરીના ચાલુ દિવસ દરમ્યાન ઈન્સ્ટ્રકશનલ ફાર્મ, ઈવનગર રોડ,એન.આર.સી.જી. સામે રૂબરૂ જોઈ શકાશે.
૪) હરરાજી ની અન્ય શરતો

**ફળાઉ સીતાફળીનાં ઝાડની વિગત નીચે મુજબ છે.**

| ક્રમ નં. | ઝાડની વિગત | પ્લોટ નં./સ્થળ | ઝાડની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | સીતાફળી | પ્લોટ નં ૪૯-બી | ૪૩૫ (નાના મોટા) |

જાં.નં. જૂ.કૃ.યુ./કૃઈટેકો/સોવોકએ/ફાર્મ/121-30 /જૂનાગઢ તા. ૧૬/૦૯/૨૦૨૬

પ્રાધ્યાપક અને વડા
જમીન અને જળ સંરક્ષણ ઈજનેરી વિભાગ
કૃષિ ઈજનેરી અને ટેક કોલેજ
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ

<u>નકલ સવિનય રવાના જાણ થવા સારું પ્રતિ......</u>
૧. સંશોધન નિયામકશ્રી, જૂ.કૃ.યુ., જૂનાગઢ
૨. આચાર્યશ્રી,કૃષિ ઈજનેરી અને ટેક કોલેજ, જૂ.કૃ.યુ., જૂનાગઢ

<u>નકલ સવિનય રવાના જાણ થવા તેમજ પ્રતિનિધિને હાજર રહેવા સારું.......</u>
૧) આચાર્યશ્રી, બાગાયત મહાવિદ્યાલય, જૂ.કૃ.યુ., જૂનાગઢ
૨) પ્રાધ્યાપક અને વડા,(એગ્રી.બોટાની) જનીનવિદ્યા અને પાક સંવર્ધનવિભાગ, જૂ.કૃ.યુ., જૂનાગઢ
૩) ફાર્મ મેનેજરશ્રી, કપાસ સંશોધન કેન્દ્ર ફાર્મ, જૂ.કૃ.યુ., જૂનાગઢ
૪) ફાર્મ મેનેજરશ્રી, એમ.સી.એફ. ફાર્મ, કૃષિ વિજ્ઞાન વિભાગ, જૂ.કૃ.યુ., જૂનાગઢ
૫)ફાર્મ મેનેજરશ્રી, ઈન્સ્ટ્રકશનલ ફાર્મ, કૃ.ઈ.ટે.કો., જૂ.કૃ.યુ., જૂનાગઢ

<u>નકલ સવિનય સાથ રવાના બહોળી પ્રસિદ્ધિ અર્થે.</u>
૧) આ કચેરીના નોટીસ બોર્ડ પર
૨) આઈ.ટી.સેલ. વિભાગ, જુ.કૃ.યુ., જૂનાગઢ
૩) સંબંધિત ઇસમો નેટ પર બહોળી પ્રસિદ્ધિ અર્થે
૪) સિક્યુરીટી ઓફિસરશ્રી, મોતીબાગ, જૂ.કૃ.યુ., જૂનાગઢ

## શરતો

૧) જાહેર હરરાજીમાં ભાગ લેવા માટે ઈસમો/પાર્ટીઓએ હરરાજી શરુ થતા પહેલા માંગણીપાત્ર થવા માટે રૂ.૨૦૦૦/- ડીપોઝીટ જમા કરાવવાની રહેશે. જે રકમ હરરાજી પૂરી થયે વગર વ્યાજે પરત કરવામાં આવશે.

૨) જેની બોલી માન્ય રહેશે તેણે માગણીની કુલ રકમની ૧૦% રકમ ડીપોઝીટ પેટે કચેરીમાં જમા કરાવવાની રહેશે જે રકમ મુદત પૂરી થયે અને ફાર્મમાં કોઈ નુકશાન ન થયાનું યોગ્ય અધિકારીનું પ્રમાણપત્ર મળ્યે વગર વ્યાજે પરત કરવામાં આવશે.

૩) ઈજારદારે ફળ કચેરી સમય દરમ્યાન કેમ્પસ બહાર લઇ જવા માટે આ કચેરીએથી નિયત ગેટ પાસ મેળવી લેવાનો રહેશે.

૪) આ ઈજારો ફક્ત સીતાફળી-કાગદી લીંબુનાં ફળ ઉતારીને લઇ જવાનો છે.

૫) સીતાફળીનાં ઇજારાની ફળ ઉતારીને લઇ જવાની મુદત તા. ૩૧/૦૧/૨૦૨૭ તેમજ લીંબુનાં ઈજારાની ફળ ઉતારીને લઇ જવાની મુદત તા. ૩૧/૦૫/૨૦૨૭ સુધીની રહેશે.

૬) સીતાફળી-કાગદી લીંબુનાં ઝાડને શક્ય તેટલું ડ્રીપ પધ્ધતિથી પાણી આપવામાં આવશે. આ કેન્દ્રના ઇલેક્ટ્રિક મોટર કે એન્જીનમાં ખોટકો થશે ત્યારે પાણી આપવાનું બંધ થશે અને આ સાધનો રીપેર થયા બાદ આ કેન્દ્રનાં સીઝનલ પાકોને પાણી આપીને જ ફળઝાડને પાણી આપવામાં આવશે.

૭) સીતાફળી-કાગદી લીંબુના ઝાડને નિંદામણ તથા દવા છાંટવાની કામગીરી ઈજારદારે કરવાની રહેશે. કચેરી તરફથી માત્ર વાર્ષિક ભલામણ મુજબનું રાસાયણિક ખાતર જ આપવામાં આવશે. તથા ચાલુ ઈજારામાં જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ દ્વારા કોઈપણ અખતરા તથા પ્રયોગ કરવા આપવા માટે ઈજારદાર બંધાયેલ રહેશે.

૮) જેમની બોલી માન્ય રહેશે તે ઈજારરો રાખનાર ઈજારદારે ઈજારાની પૂરી રકમ એકજ હપ્તે ભરવાની રહેશે. જેનો ઈજારો મંજુર થાય તેની કુલ રકમ દિવસ-૧૫ સુધીમાં ભરી દેવાની રહેશે. અને કચેરીમાં નાણા ચેક અથવા ડીડી થી ભરવાના રહેશે. નાણા ભર્યા ની નિયત પહોંચ મેળવી લેવી. ઈજારાની પુરેપુરી રકમ ભરપાઈ થયા બાદજ ફળ ઉતારવા દેવામાં આવશે. નિયત મુદતમાં ઈજારાની રકમ ભરપાઈ કરવામાં નહી આવે તો ઈજારો રદ થશે અને ભરેલ ડીપોઝીટની રકમ જપ્ત થશે.

૯) ઝાડને ફળ ઉતારતા નુકશાન થશે અથવા ઈરાદાપૂર્વક નુકશાન કરવામાં આવશે તો નુકશાનીની રકમ ડીપોઝીની રકમમાંથી વસુલ કરવામાં આવશે.

૧૦) વાવાઝોડા, અતિવૃષ્ટિ કે કોઈ પણ પ્રકારની આસમાની નુકશાનીના કારણોસર ફળ ઝાડ કે ફળમાં કોઈપણ પ્રકારનું નુકશાન થાય તો તેની કોઈપણ પ્રકારની જવાબદારી આ કચેરી કે જુનાગઢ કૃષિ યુનિવર્સિટીની રહેશે નહી.

૧૧) બાગમાં રાખવામાં આવેલ રખોલીયાનાં નામ સરનામાં આ કચેરીમાં રજુ કરવાના રહેશે. આ માણસોની વર્તણુક યુનિવર્સિટી કે આ વિભાગના હિતને નુકશાન કર્તા જણાશે તો તેવા માણસોને છુટા કરવાના રહેશે.

૧૨) બાગ કે પ્લોટમાં લીલા સુકા લાકડા કે ઘાંસ પર ઈજારદારનો કોઈ હક્ક રહેશે નહી.

૧૩) ઝાડ પરથી ફળ લઇ જવાનો સમય કચેરીના ચાલુ દિવસો દરમ્યાન સવારના ૮.૦૦ થી ૧૨.૦૦ અને બપોરના ૨.૦ થી ૬.૦ સુધીનો રહેશે.

૧૪) જેની પાસે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનું લેણું હશે તેઓ હરરાજીમાં ભાગ લઇ શકશે નહી.

૧૫) ઈજારદાર ઈચ્છા ધરાવતા હશે તો પણ આ ઈજારો ટ્રાન્સફર કરી આપવામાં આવશે નહી.

૧૬) ઝાડ સાથે કામ કરનાર ઈજારદાર અથવા તો તેમના માણસોને કોઈપણ પ્રકારનો અકસ્માત નડે તો તેની સંપૂર્ણ જવાબદારી ઈજારદારની રહેશે.

૧૭) ઈજારદારને રહેવા માટે અત્રેથી કોઈ સુવિધા ઉપલબ્ધ થશે નહી.

૧૮) જાહેર હરરાજીમાં બોલવામાં આવેલ બોલી માન્ય રાખવી કે નહી તેની અબાધિત સત્તા હરરાજી કમિટીની રહેશે. અને બોલવામાં આવેલ બોલી યોગ્ય નહી લાગે તો હરરાજી રદ કરવામાં આવશે.

૧૯) જંગલી પશુઓ/પક્ષીઓ તેમજ અન્ય રક્ષણ માટે બગીચા કે ફાર્મમાં કોઈપણ પ્રકારના સ્ફોટક/ઝેરી પદાર્થનો ઉપયોગ કરી શકાશે નહી.

૨૦) ફાર્મ કે બગીચામાં રાત્રીના સમય દરમ્યાન નોંધાયેલા વાહનોની અવર-જવર થઇ શકશે. આવા વાહનોની નોંધ સિક્યુરીટી ઓફિસે કરાવી લેવાની રહેશે.

૨૧) આ શરતો અમને વાંચી સંભળાવવામાં આવેલ છે અને જે અમોને માન્ય છે તે બદલ અમોએ નીચે સહી કરી આપેલ છે.

૨૨) જે તે પાર્ટીને ઈજારાના ભાવ મંજુર થાય તેને ડીપોઝીટની તથા ઈજારાની રકમ ચેક દ્વારા ભરવાની રહેશે.

સ્થળ : જૂનાગઢ
તારીખ : ૧૬/૦૯/૨૦૨૬

પ્રાધ્યાપક અને વડા
જમીન અને જળ સંરક્ષણ ઈજનેરી વિભાગ
કૃષિ ઈજનેરી અને ટેક કોલેજ
જૂ.કૃ.યુ., જૂનાગઢ